# માથા પર ક્રિસમસ ટ્રી? !

ક્રિસમસનો તહેવાર આવી રહ્યો છે અને એ ઉજવવા માટે લોકો ઉત્સાહિત છે. ક્રિસમસ પર સામાન્ય રીતે લોકો ક્રિસમસ ટ્રી સજાવે છે પરંતુ તમે માથા પર કદી ક્રિસમસ ટ્રી જોયું છે? એક યુવતીએ પોતાના માથા પર જ ક્રિસમસ ટ્રી ઉગાડયું. એણે વાળને એવી રીતે ડિઝાઈન કર્યા કે લોકો જોતાં જ દંગ રહી ગયાં. ઘણાં લોકો તો હસવાનું પણ રોકી ન શકયા. ઈન્સ્ટાગ્રામ યુઝર બ્રુકલિન એક કન્ટેન્ટ ક્રિયેટર છે જે આર્ટ અને ક્રાફટ સંબંધિત વસ્તુઓ બનાવવાના વીડિયો સોશ્યલ મીડિયા પર પોસ્ટ કરે છે. હાલમાં એણે પોસ્ટ કરેલા એક વીડિયોમાં એ પોતાના વાળમાંથી ક્રિસમસ ટ્રી બનાવતાં નજરે પડે છે. એ બનાવવા માટે એણે જે રીત અપનાવી છે એ ઘણી રોચક છે.

સૌથી પહેલાં બ્રુકલિને એક પ્લાસ્ટિકની બોટલ એના માથા પર મૂકી. પછી બોટલ ઉપર વાળ બાંધી વાળ સ્પ્રે કર્યા જેથી વાળ પડી



ન જાય. ત્યાર બાદ એણે વાળ પર લાઈટ અને ક્રિસમસ સજાવટની અન્ય વસ્તુઓ લગાડી દીધી. સાન્તા કલોઝને પણ વાળ પર બેસાડી દીધો. એના આ વીડિયોને 1 કરોડથી વધારે વ્યૂઝ મળ્યા છે.

# હજારો લાવારિસ લાશોના અંતિમ સંસ્કાર કરે છે પૂજા શર્મા



દિલ્હીની રહીશ 27 વર્ષીય પૂજા શર્મા સેવાનું એક અનોખું કામ કરી રહી છે. એ અત્યાર સુધીમાં લગભગ 5000 લાવારિસ લાશોના પોતાના હાથે અંતિમ સંસ્કાર કરી ચૂકી છે. એ લાશને આધુનિક ઈલેકટ્રિક સ્મશાન ઘાટ લઈ જઈ ધાર્મિક વિધિવિધાનથી એમના અંતિમ સંસ્કાર કરે છે. શહેરની વિવિધ જગ્યાઓએ મૃત્યુ પામનાર ગુમનામ લોકોની લાશ રઝળતી હોય છે જેની ઓળખ કરવા કે કોઈ વારસ કે સગાંવહાલાં આવતાં નથી. પૂજા તેમના અંતિમ સંસ્કાર કરે છે જેથી કમમાં કમ કોઈક તો મૃત્યુ પામ્યા બાદ એ લોકોની પરવા કરનાર હોય!

જો મૃત્યુ પામનાર હિન્દુ હોય તો એને સ્મશાન ઘાટ, મુસ્લિમ હોય તો કબ્રસ્તાન અને ખ્રિસ્તી હોય તો સિમેટ્રી લઈ જાય છે.

પૂજા લાવારિસ લાશોના અંતિમ સંસ્કાર કરવા દિલ્હીમાં એક 'બ્રાઈટ ધ સોલ ફાઉન્ડેશન'ના નામે NGO ચલાવે છે. લાવારિસ લાશોની જાણ મેળવવા માટે અને એમને સ્મશાનઘાટ સુધી પહોંચાડવા એ શહેરની હોસ્પિટલ અને પોલીસના સંપર્કમાં રહે છે.

પૂજા કહે છે કે શરૂઆતમાં તો એણે પોતાનાં માતાપિતા પાસેથી પૈસા લઈ અથવા પોતાના ખર્ચે આ સેવાકાર્ય કર્યાં. ત્યાર બાદ સોશ્યલ મીડિયા પર લોકોને ખબર પડતાં લોકોએ મદદ કરવાની શરૂ કરી અને એણે લોકોની મદદથી એક એમ્બ્યુલન્સ ખરીદી. પૂજાને તેના સગા ભાઈના મૃત્યુ બાદ આ બધું કરવાનો વિચાર આવ્યો. તે કહે છે કે, ''13 માર્ચ 2022માં મારા ભાઈનું અવસાન થયું. એનો આઘાત મારા પિતા સહન ન કરી શકયા અને કોમામાં સરી પડયા. હવે જે કરવાનું હતું તે મારે જ કરવાનું હતું આથી હિંમત ભેગી કરી પરંપરાની વિરુદ્ધ જઈ ભાઈના અંતિમ સંસ્કાર કર્યા.'' મુસીબતના સમયે કોઈનો સાથ ન હોવાના અનુભવે એના મન પર ઊંડી અસર કરી. એણે વિચાર્યું કે જે લોકોનું દુનિયામાં કોઈ ન હોય તેનું શું થતું હશે? અને એણે ગુમનામ અને લાવારિસ લાશોના અંતિમ સંસ્કાર કરવાનો નિર્ણય કર્યો. પૂજાને માટે આ રસ્તો આસાન નહોતો. એણે અનેક મુશ્કેલીઓ અને પડકારોનો સામનો કરવો પડયો. સમાજનો બહિષ્કાર સહન કર્યો. ધીરે ધીરે એનો વિરોધ કરનારની સંખ્યા ઘટતી ગઈ અને સાથ આપનારની સંખ્યા વધતી ગઈ. આજે પણ એણે સેવાનું કાર્ય ઉત્સાહથી ચાલુ રાખ્યું છે.

# વિશ્વની સૌથી મોંઘી સાડી



ભારતના ટ્રેડિશનલ પોશાક સાડીએ વિશ્વભરનાં લોકોનું ધ્યાન આકર્ષી ગિનેસ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું છે એ તમે જાણો છો?

'વિવાહ પટ્ટુ' આખા વિશ્વમાં સૌથી મોંઘી સિલ્કની સાડી છે. ચેન્નઈના ભારતીય વણકરો દ્વારા તૈયાર થયેલી આ સાડીની કિંમત છે રૂ. 40 લાખ. વિશ્વની સૌથી મોંઘી સાડી તરીકે એણે ગિનેસ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ સાડી હીરા, એમરલ્ડ (નીલમ), રૂબી, યલો સફાયર, સફાયર, ટોપાઝ (પોખરાજ), મોતી, કેટ્સ આઈ અને કોરલ જેવા નવ રત્નોજડિત છે. એમાં સોનાચાંદી અને પ્લેટિનમથી ભરતકામ પણ કરવામાં આવ્યું છે.

ભારતીય કળાના આઈકન રાજા રવિ વર્માના 11 પેન્ટિંગ્સનું એમાં રીપ્રોડકશન કરવામાં આવ્યું છે. ચેન્નઈ સિલ્કસના ડિરેકટર શિવાલિંગમે એની ડિઝાઈન કરી છે. કાંચીપુરમની ચેન્નઈ સિલ્ક મિલમાં 36 કુશળ કારીગરોએ તાણાવાણાનો ઉપયોગ કરી આ સાડી હાથેથી વણી છે. 12 મહિનામાં પૂરી થયેલ આ સાડીનું વજન 8 Kg છે

# પ્રેમ અને પાણીપુરી

'જયારે પ્રણયની જગમાં શરૂઆત થઈ હશે ત્યારે પ્રથમ ગઝલની રજૂઆત થઈ હશે.' આમ પ્રેમના પ્રાગટ્ય વિશે કવિ આદિલ મન્સૂરીએ કહ્યું છે પણ આ વાત અગાઉની પેઢી માટે હોઈ શકે. અત્યારની વાત કરીએ તો યુવકયુવતીઓ કદાચ પરસ્પર એમ કહે કે ''જયારે પ્રથમ આ પ્રેમની શરૂઆત થઈ હશે, પાણીપુરીની બાદમાં દરખાસ્ત થઈ હશે!'' આપણે ત્યાં ટીવી, મોબાઈલ, વિડિયો વગેરે આવ્યાં ત્યારે ડર હતો કે સોશ્યલ મિડિયા આવતાં દૈનિક છાપાં પર

**પાણીપૂરી એટલે પાણીપૂરી. એની તોલે કોઈ ના આવે. ઉપરથી એ કાણી, કદમાં બધાંથી નાની છતાં એને જોતાં વેંત સૌનાં મોંમાં પાણી નથી આવી જતું એમ કોણ કહેશે?**

મોટું જોખમ ઊભું થશે પણ એવું કંઈ થયું નહિ અને દૈનિકો ટકી ગયાં. એમ પીઝા, પાસ્તા, બર્ગર, ફ્રેન્કી,નુડલ્સ વગેરે ફાસ્ટ ફૂડ આવતાં બીજા ફરસાણ પર એની નોંધપાત્ર અસર પડી પણ પાણીપૂરી આ બધા વચ્ચે અણનમ અને અડીખમ રહી છે. અલબત્ત ગોબાપૂરી, દહીંપૂરી, મસાલાપૂરી, સેવપૂરી વગેરે પણ લારી પર જોવા મળે છે ખરી પણ આ બધી પાણીપૂરીની બહેનપણી કહી શકાય. પાણીપૂરી એટલે પાણીપૂરી. એની તોલે કોઈ ના આવે. ઉપરથી એ કાણી, કદમાં બધાંથી નાની છતાં એને જોતાં વેંત સૌનાં મોંમાં પાણી નથી આવી જતું એમ કોણ કહેશે? આદુ, ફૂદનો, જીરું, લસણ વગેરે અનેક ફલેવરમાં એ હવે મળે છે.

પાણીપૂરીની લારીની બીજી લાક્ષણિકતા એ છે એ કોઈ પણ બીજી લારીને કે ભેળપૂરી વેચતા ખુમચાવાળાને બિલકુલ નડતી નથી. શાળાના ગેટ પાસે, મંદિર પરિસરને છેડે, મોટા મોલની લગોલગ કે સાંકડી ગલીને નાકે એ પોતાનું સ્થાન ગ્રહણ ચૂપચાપ કરી લે છે.

સુરત મ્યુનિસિપાલિટીના દબાણ ખાતાના એક અધિકારીને મેં પૂછ્યું હતું કે કયારેક તમારી ટીમ લારીઓ પર ત્રાટકે છે ત્યારે પાણીપૂરીની લારી ભાગ્યે જ અડફટે ચઢે છે, આનું કારણ શું? એના જવાબમાં એમણે મને કહ્યું કે, ''સાહેબ, ભાગ્યે જ કોઈ એવો ફૂટપાથ હશે કે જયાં પાણીપૂરીવાળો નહિ જોવા મળે. પાણીપૂરી તો સુરતના ફૂટપાથની રાણી છે. એની આગળ તો અમારે પણ ઝૂકવું પડે છે !!!''

- પ્રભાકર ધોળકિયા (સુરત)

વાચક મંચ

